## 1. ભારતની વિદેશનીતિના પાયાના સિદ્ધાંતો સમજાવો.

- વિશ્વના પ્રત્યેક દેશ પોતાની આશાઓ અને આકાંક્ષા સંતોષવા માટે વિદેશનીતિ ઘડતર કરે છે અને આ વિદેશનીતિના અમલ ચોક્કસ પ્રકારનો સિદ્ધાંતોને ધ્યાનમાં રાખવામાં આવે છે. ભારતે બંધારણમાં માર્ગદર્શક સિદ્ધાંતોમાં પણ અનુછેદ ૬૧ મુજબ ભારતીય રાજય આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતીની ઉન્નતિ, રાષ્ટ્રો વચ્ચે ન્યાયી તથા માનભર્યા સંબંધો નિભાવવા, સંગઠિત પ્રજાઓના એકબીજા સાથેના વ્યવહારમાં આંતરરાષ્ટ્રીય કાયદા અને સંધિને લગતી ફરજો પ્રત્યેનો આદર વધારવા અને લવાદી દ્વારા આંતરરાષ્ટ્રીય તકરારોનું નિવારણ કરવા પ્રયત્નશીલ રહેવાની નેમ રાખવામાં આવે છે. ટૂંકમાં ભારતની વિદેશનીતિમાં વધતેઓછા પ્રમાણમાં અહિંસા, સંઘર્ષને બદલે સહકાર, શાંતિ અને કલ્યાણ, વસુધૈવ કુટુંબકમ્ જેવા ભારતીય સંસ્કૃતિના મૂલ્યોને વિદેશનીતિમાં સમાવામાં આવે છે.
- ભારતની વિદેશનીતિના ઘડતરના પાયાના સિદ્ધાંતો : 1. બિનજોડાણવાદી 2. સંસ્થાનવાદનો વિરોધ 3. જાતિવાદનો વિરોધ 4. વિશ્વના દેશો સાથે મૈત્રીભર્યા સંબંધો 5. સંયુક્ત રાષ્ટ્રસંઘ અને આંતરરાષ્ટ્રીય કાયદાનું સમર્થન 6. વિશ્વશાંતિ 7. પંચશીલતાના સિદ્ધાંતો 8. સાધન શુદ્ધિનો આગ્રહ

## 2. ભારતની વિદેશનીતિને ઘડનારાં પરિબળો જણાવો.

- વૈશ્વિક ગ્રામનો ખ્યાલ પ્રચલિત હોવા છતાં દરેક દેશ પોતાની અખંડિતતા, સાર્વભૌમત્વ, સલામતી, સંરક્ષણ અને વિકાસ પ્રાપ્ત કરવા હંમેશા પ્રયત્નશીલ હોય છે અને માટે જ પ્રત્યેક દેશ પોતાની વિદેશનીતિ તૈયાર કરે છે. વિદેશનીતિ : વિશ્વનું દરેક રાષ્ટ્ર પોતાના રાષ્ટ્રીય હિતો અને ધ્યેયોને પ્રાપ્ત કરવાના હેતુસર અન્ય રાષ્ટ્ર સાથે રાજદ્વારી સંબંધો નિર્ધારિત કરવા અને જાળવવા કોઈ ચોક્કસ પ્રકારની નીતિ અને કાર્ય યોજના અમલમાં મૂકે છે, જેને વિદેશનીતિ કહેવાય છે.
- ભારતની વિદેશનીતિને ઘડનારાં પરિબળો : કોઈપણ દેશની વિદેશનીતિના ઘડતરમાં અનેક પરિબળો અસર કરે છે. આ અસરકરતા પરિબળો રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિમાં આવતા પરિવર્તનો સાથે બદલાતા હોય છે. એટલે કે વિદેશનીતિ સમય અને સંજોગોને આધારે ફેરફાર પામતી હોય છે.
- બિજા વિશ્વયુદ્ધ પછી મહાસત્તા તરીકે યુ.એસ.એસ.આર. અને યુ.એસ.એ. હતા. આ સમયે ભારતની વિદેશનીતિ યુ.એસ.એસ.આર. તરફી હતી. પરંતુ 80ના દાયકામાં જયારે ઠંડાયુદ્ધની પરિસ્થિતિનું નિવારણ થયું અને યુ.એસ.એસ.આર.નું વિઘટન થયું પરિણામે, ભારતે પોતાની મહત્ત્વકાંક્ષાઓને પૂર્ણ કરવા અમેરિકા સાથે દ્વિપક્ષીય સંબંધો મજબૂત બને તે રીતની વિદેશનીતિ તૈયાર કરી. વર્તમાન સમયમાં ભારતની વિદેશનીતિ રશિયા, ચીન, જાપાન, ઈઝરાયેલ જેવા રાષ્ટ્રોને સુસંગત બને તે રીતની તૈયાર થયેલ છે. ઉપરાંત દેશની આંતરિક સત્તા પરિવર્તન કે નેતૃત્વમાં આવતા પરિવર્તનોને કારણે પણ નિતિવિષયક બાબતોમાં પરિવર્તન આવે છે.
- ભારતની વિદેશનીતિને ઘડનાર પરિબળો નીચે મુજબ છે :
- (1) ભૌગોલિક પરીબળો : (A) ભૌગોલિક સ્થાન : દક્ષિણ એશિયામાં ભારતનું સ્થાન મોકાનું છે. ઉત્તરે હિમાલય, દક્ષિણે હિંદ મહાસાગર, પૂર્વમાં બંગાળની ખાડી, પશ્ચિમમાં અરબ સાગર જેવી કુદરતી સરહદોથી ભારત સુરક્ષિત છે. ભારતની આ વિશિષ્ટ ભૌગોલિક સ્થાન આર્શીવાદરૂપ બની છે. છતાં કેટલીક બાબતોમાં આ ભૌગોલિક સ્થિતિ જ દેશ માટે અભિશાપરૂપ બની છે. કારણ કે દરિયાઈ અને પર્વતીય સીમાઓને કારણે ભારતની ભૌગોલિક ફળદ્રુપતા પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે અને જેના માટે જ વિધર્મી આક્રમણો ભારત પર વારંવાર

થયા હતા. હિમાલય અને દરિયાઈ સીમાની સલામતીની ઉપેક્ષાએ ભારતને કેટલીક હાની પહોંચાડી છે, દા.ત. કારગીલ યુદ્ધ, તાજ હોટલ પર હુમલો.

(B) વિસ્તારઃ ભારત ભૌગોલિક રીતે વિવિધતા ધરાવતો દેશ 32,87,264 વર્ગ કિ.મી.નું ક્ષેત્રફળ ધરાવતો ભારત વિસ્તારની દષ્ટિએ વિશ્વમાં સાતમાં સ્થાને છે. હિમાલયની પર્વતમાળા, દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશો, કાંપથી પથરાયેલ મેદાનો, ગાઢ જંગલો, રણપ્રદેશ ભારતની કુદરતી. સંપત્તિમાં વધારો કરે છે. ભારતની સરહદો અને દેશો સાથે જોડાયેલ છે. ભારતની આર્થિક અને સલામતીની દષ્ટિએ પાડોશી દેશો ખૂબ જ મહત્ત્વના છે અને તેથી જ પાડોશી દેશો સાથે સંબંધો સુધરે તે માટે સઘન પ્રયત્નો કરે છે.

(C) વસ્તી : વિશ્વમાં બીજા ક્રમની વસ્તી ધરાવતો દેશ ભારત છે. વિશ્વની કુલ વસ્તીના છઠ્ઠા ભાગની વસ્તી ભારતમાં વસવાટ કરે છે. ભારતની કુલ વસ્તી 1, 21, 01, 93, 422 છે. આજની તારીકે ભારતની વસ્તીનો મોટો હિસ્સો (લગભગ 65 %) યુવા. વયનો હોવાથી ભારતને વિશ્વનો સૌથી યુવાન દેશ તરીકે ઓળખવામાં આવે છે.

(D) કુદરતી સંસાધન અને આબોહવા : કુદરતી સંપત્તિએ દેશની ઔદ્યોગિક અને આર્થિક વિકાસની ચાવી છે. ભારતમાં કુદરતી સંપત્તિનો વિપુલ ભંડાર રહેલો છે. ખનીજ સંપત્તિની બાબતમાં ભારત સમૃદ્ધ રાષ્ટ્ર છે. વિશ્વ કક્ષાએ લોખંડ, કોલસા, અબરખ વગેરેના ઉત્પાદન અને નિકાસમાં ભારત અગ્રીમ સ્થાન ધરાવે છે.' દેશમાં કાંપના ફળદ્રુપ મેદાનો, ગાઢ જંગલો, ખનીજ સંપત્તિ, નદીઓ અને દરિયાઈ જળસંપત્તિ પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે. વર્તમાન સમયમાં સૂર્યપ્રકાશ, પવન અને દરિયાઈ શક્તિઓના ઉપયોગ ઉર્જા ઉપરાંત વિવિધ ક્ષેત્રોમાં થાય તે માટે ભરપૂર પ્રયત્નો થાય છે.

- (2) વિજ્ઞાન અને ટેકનોલોજી : આદિકાળથી આધુનિક યુગ સુધી મનુષ્યમાં જ્ઞાન ઉપાર્જન અને તેના ઉપયોગની પરંપરા નિરંતર ચાલતી રહે છે. આધુનિક જ્ઞાન અને ટેક્નોલોજી વિશ્વ સમાજ ઉપર પ્રભુત્વ જમાવવા અને આંતર રાષ્ટ્રીય રાજકારણને પ્રભાવિત કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. દા.ત. અમેરિકા અને જાપાન. આઝાદી પછી ડો. હોમી ભાભા જેવા વૈજ્ઞાનિકોને કારણે ભારતે આશ્વિક ઊર્જા, અવકાશ વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે ખૂબ જ પ્રગતિ કરી છે. ભારતના વડાપ્રધાન સ્વ. ઈન્દિરાજી અને શ્રી અટલજીએ પરમાણુ પરીક્ષણ કરી ભારતની અણુશક્તિનો વિશ્વને પરિચય કરાવ્યો. એક સાથે 100 થી વધુ ઉપગ્રહો અવકાશમાં સફળતાપૂર્વક છોડ્યા, સ્વદેશી તકનીકથી અગ્ની, ત્રિશુળ જેવા પક્ષપાત્રો તૈયાર કરવા એ ભારતની વિજ્ઞાન અને ટેકનોલોજીની તાકાત છે. આજે વિશ્વ કક્ષાએ ભારત અણુ ઊર્જા, અવકાશ વિજ્ઞાન, બાયોટેકનોલોજી, માહિતી અને સંવહન ટેકનોલોજીમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે.
- (3) આર્થિક વિકાસ : આંતરરાષ્ટ્રીય વેપારમાં દેશની આર્થિક બાબતો પ્રભાવક અને ચાવીરૂપ ભાગ ભજવે છે. દેશ કયા તબક્કાનો આર્થિક વિકાસ કરે છે. તે મહત્ત્વનું છે. ભારતે આઝાદી પછી હરિયાળી ક્રાંતિ અને શ્વેતક્રાંતિ દ્વારા અન્ય અને દૂધની બાબતમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરી છે. વર્તમાન સમયમાં ભારત શાકભાજી અને ફળોના ઉત્પાદનમાં અગ્રીમ સ્થાન ધરાવે છે. કૃષિપ્રધાન દેશ હોવા છતાં ભારતે ઔધોગિક ક્ષેત્રે પણ નોંધપાત્ર વિકાસ પ્રાપ્ત કર્યો છે.
- (4) ઐતહાસિક અને સાંસ્કૃતિક દષ્ટિકોણ : વિદેશનીતિના ઘડતરમાં દેશની ઐતિહાસિક પરંપરાઓ અને સાંસ્કૃતિક મૂલ્યો અગત્યનો ભાગ ભજવે છે. વસુધરમુ કૌટુબકમની વિચારધારાને મૂર્તિમંત કરનાર ભારતે પોતાની

વિદેશનીતિમાં ભારતીય સભ્યતા અને ભારતીય સંસ્કૃતિને પ્રતિબિંબિત કરે છે. 21મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવાનો આગ્રહ કરનાર ભારતને વૈશ્વિક કક્ષાએ અભૂતપૂર્વ સમર્થન મળ્યું

### 3. ભારતના પડોશી રાષ્ટ્રો સાથેના સંબંધોની ચર્ચા કરો.

- (1) ભારતપાકિસ્તાન સાથેના સંબંધો : ભારતે સ્વતંત્રતા મેળવ્યા બાદ ભારતપાકિસ્તાન વચ્ચેના સંબંધો તણાવભર્યા રહ્યા છે. ઈ.સ. 1948, 1965 અને 1971નો એમ ત્રણ વખત ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધો થયાં. તેમાં દરેક વખતે પાકિસ્તાનનો પરાજય થયો. બંને દેશો વચ્ચે તાશ્કેદ કરાર અને સિમલા કરાર થયા છતાં પાકિસ્તાન એ કરારોને નિષ્ઠાપૂર્વક અનુસરતું નથી. ઈ.સ. 1999માં કારગિલ ખાતે ભારતપાકિસ્તાન વચ્ચે યુદ્ધ થયું. બંને દેશના વડા પોતાની સમસ્યાઓનો શાંતિમય સમાધાન દ્વારા ઉકેલ લાવવા પ્રયાસ કરી રહ્યા છે.
- (2) ભારતચીન સાથેના સંબંધો : ઈ.સ. 1954માં ભારત અને ચીન વચ્ચેના સંબંધોની શરૂઆત થઈ. ભારત અને ચીન વચ્ચેના સંબંધોમાં ભંગાણ પડવાનું કારણ ચીને પોતાની સરહદોના નકશા પ્રકાશિત કર્યા. તે નક્શામાં ભારતનો ઘણો મોટો વિસ્તાર પોતાનો છે તેમ દશવિલું હતું. ભારત અને ચીન વચ્ચેની સરહદ દર્શાવતી મેકમોહન રેખાનો ચીને અસ્વીકાર કર્યો તેથી ઈ.સ. 1962માં ચીને ભારત પર આક્રમણ કર્યું. આ સરહદના અને મંત્રણાઓ યોજાય છે, પરંતુ કોઈ સમાધાન થઈ શકતું નથી. છેલ્લા દાયકામાં ભારત અને ચીન વચ્ચે પરસ્પર સહકાર અને મૈત્રીપૂર્ણ સંબંધો વિકસતા થઈ રહેલ છે. વર્ષ 2014માં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનનો વડાપ્રધાન જેન પીગ વચ્ચે રિવરફ્રન્ટ, અમદાવાદ ખાતે સૌજન્યપૂર્ણ મુલાકાત થઈ.
- (3) ભારતબાંગ્લાદેશ સાથેના સંબંધો : ઈ.સ. 1971માં એક સ્વતંત્ર સાર્વભૌમ રાષ્ટ્ર તરીકે બાંગ્લાદેશનો ઉદ્ભવ થયો તે પહેલાં તે પાકિસ્તાનનો ભાગ હતો. ભારતે બાંગ્લાદેશને એક નવોદિત રાષ્ટ્ર તરીકે નાણાકીય ટેકનિકલ અને ભૌતિક સાધનોની પણ મદદ કરેલ છે. ગંગા નદીના પાણીનો ઉપયોગ અને વહેંચણી સંબંધે થયેલી ચર્ચાઓ દ્વારા સમાધાન કરવામાં આવ્યું. કુદરતી આપત્તિ વખતે બાંગ્લાદેશને પૂરતા પ્રમાણમાં ભારતે ને મદદ કરી છે. વર્ષ 2015માં બંને રાષ્ટ્રો વચ્ચે વિવાદિત જમીન વિસ્તાર અને તે ક્ષેત્રના લોકોની નાગરિતાના પ્રશ્નોનું નિરાકરણ વાટાઘાટોથી થયેલા છે.
- (4) ભારતભૂતાન સાથેના સંબંધો : ભારતે ભૂતાન સાથે કાયમી શાંતિ અને મિત્રતાની સંધિ કરી. ભારતના વડાપ્રધાન નહેરુએ ભૂતાનની મુલાકાત લીધી. (1958) ભારતના રાષ્ટ્રપતિએ પણ ભૂતાનની મુલાકાત લીધી. (1970) ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ભૂતાનની મુલાકાત લીધી. (2014). સંદેશાવ્યવહાર અને વાહનવ્યવહારના વિકાસ માટે ભારતે ભૂતાનને મદદ આપવાનું સ્વીકાર્યું. અને સંબંધો મજબૂત બનાવ્યો, બંને દેશો એ પરસ્પર સુરક્ષા સંબંધિત સહયોગ પર સંતોષ વ્યક્ત કર્યો છે.
- (5) ભારતશ્રીલંકાના સંબંધો : ભારતના તમિલ લો કોના નાગરિકત્વનો પ્રશ્ન બંને વચ્ચે મતભેદનો મુદો બનેલો પરંતુ તેને બંને દેશોએ વાટાઘાટો દ્વારા ઉકેલવાનો પ્રયાસ કર્યો છે. શ્રીલંકાના તમિલ લોકોને થતા અન્યાય દુર થાય અને તમિલ સંગઠનો અને શ્રીલંકાની સરકાર તમિલ સમસ્યાનું શાંતિમય સમાધાન કરે તવી ભારતની ઇચ્છા છે. શ્રીલંકન તમિલ અસરગ્રસ્તોના પુનઃવસન માટે 27,000 જેટલાં મકાનો ભારતની આર્થિક સહાયથી બનાવાયા છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શ્રીલંકાની મુલાકાત વખતે તમિલ પ્રભાવિત વિસ્તાર મ કાનની મુલાકાત લીધી. (13 માર્ચ, 2015) આમ આજે શ્રીલંકા સાથે ભારતના મૈત્રીપૂર્ણ સંબંધો છે.

- (6) ભારતનેપાળ સાથેના સંબધો : ઈ.સ. 1950માં ભારત અને નેપાળ વચ્ચેના સંબંધોનો આરંભ નક્કી થયેલ. સમજૂતી મુજબ બંને દેશોએ એકબીજાના સાર્વભૌમ અને પ્રાદેશિક અખંડિતતાનું જતન સ્વીકાર્યું છે. આમ, બંને દેશના નાગરિકોની એકબીજાના દેશમાં મુક્ત અવરજવરને માન્ય રાખેલ છે. હિમાલયમાંથી નીકળતી કેટલીક નદીઓ નેપાળમાંથી પસાર થઈ ભારતમાં થઈને વહે છે. ચોમાસામાં તેમાં ભારે પૂર આવવાથી ભારતને નુકસાન થાય છે. આ નદીઓના પુરને રોકવા માટે ભારત અને નેપાળ વચ્ચે સમજૂતી થાય તે માટે ભારત પ્રયત્નશીલ છે. નેપાળ સામાજિકઆર્થિક વિકાસમાં ભારતે ઘણી મદદ કરી છે. આમ નેપાળના ઘણા વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે ભારત આવે છે. 25 એપ્રિલ 2015ના રોજ નેપાળમાં 5.8ની તીવ્રતાથી જે ભૂકંપ આવ્યો તે કુદરતી ભારે હોનારતમાં ભારતે આર્થિક, આરોગ્ય અને સામાજિક બચાવ કામગીરીમાં નેપાળને મદદ કરી છે.
- (7) ભારતઅફઘાનિસ્તાન સાથેના સંબંધ : અફઘાનિસ્તાનના નવસર્જનમાં ભારતે બાંધકામ અને કેળવણી ક્ષેત્રે તથા આર્થિક અને સામાજિક ઉત્કર્ષ માટે આર્થિક મદદ પણ કરેલ છે. અફઘાનિસ્તાનના 'પાર્લમેન્ટ હાઉસ'નું બાંધકામ ભારત કરે છે. કુદરતી આપત્તિ વખતે પણ ભારતે અફઘાનિસ્તાનને આર્થિક મદદ કરી છે. આમ, આજે પણ ભારત અને અફઘાનિસ્તાન સાથેના સંબંધો મૈત્રીપૂર્ણ રહ્યા છે.
- (8) ભારત અને મ્યાનમાર સાથેના સંબંધો : ભારતની આઝાદી પછી મ્યાનમારને સ્વતંત્રતા મળી ત્યારથી બંને વચ્ચે મૈત્રી સંબંધો જળવાયા છે. મ્યાનમારે ભારત પાસે આર્થિક વિકાસની માંગણી કરી ત્યારે ભારતે તાત્કાલિક સહાય મોકલી આપી. કારણ કે ભારત મ્યાનમારને આર્થિક રીતે મજબૂત કરવા માંગતું હતું. ભારત અને મ્યાનમાર વચ્ચે આજે પણ સુમેળભર્યા સંબંધો જોવા મળે છે. સહઅસ્તિત્વને ધ્યાનમાંરાખી ભારતે નાના પાડોશી દેશો સાથે શાંતિપૂર્ણ અને મૈત્રીભાર્યા સબંધો જાળવી રાખ્યા છે.

4.બિનજોડાણવાદ એટલે શું? બિનજોડાણવાદની નીતિમાં ભારતની ભૂમિકા સ્પષ્ટ કરો.

- બીજા વિશ્વયુદ્ધ પછી સામ્યવાદી અને પશ્ચિમના મૂડીવાદી લોકશાહી લશ્કરી જૂથો વચ્ચે શરૂ થયેલા ઠંડાયુદ્ધમાં કોઈપણ લકરી જુથમાં જોડવાના કોઈ રાજયના ઈકારને બિનજોડણની નીતિ કહેવાય છે અને આ વાદને બિનજોડાણવાદ કહે છે. બિનજોડાણવાદ અલગતાવાદથી જુદી પ્રવૃત્તિ છે. બિનજોડાણવાદની નીચિ ઠંડાયુદ્ધના સંદર્ભમાં ઊભા થતા લશકરી સંબંધો સિવાયના રાજકીય, આર્થિક એક તમામ પ્રકારના સંબંધોનોકાર કરે છે. આમ, આ નીતિ એક ચોક્કસ સમયે, ચોક્કસ સંજોગોમાં ઘડાયેલી નીતિ છે. જે નિષ્ક્રિયતાની કે તટસ્થાની નીતિ નથી. બિનજોડાણવાદની નીતિને વિકસાવવામાં ભારતના વડાપ્રધાન સ્વ.જવાહરલાલ નહેરુની ભૂમિકા ખૂબ જ અગત્યની છે. આઝાદીના સમયે ભારતનો વિકાસ થાય તે માટે તૈયાર કરાયેલ રૂપરેખામાં ત્રણ બાબતો સ્પષ્ટ થતી હોવા મળે છે.

(1) પ્રાદેશિક એક્તાનું રક્ષણ અને નીતિ ઘડતરની સ્વાયત્તતા.

(2) આંતરરાષ્ટ્રિય શાંતિની જાળવણી અને વિકાસ..

(3) ભારતનો આર્થિક વિકાસ. ભારતની વિદેશનીતિના આ લક્ષ્યાંકોને સાકાર કરવા યૂહરચનાના સાધન તરીકે બિનજોડાણવાદની નીતિનો ઉપયોગ થાય છે. ભારતના બિનજોડાણવાદની નીતિના ત્રણ મુખ્ય લક્ષણો જોવા મળે છે.

(છ) પશ્ચિમી દેશોના કે સામ્યવાદી જૂથમાં જોડાવવાનો) ઈકાર.

(ભ) વિદેશનીતિના ક્ષેત્રમાં વિવેકબુદ્ધિ કે ડહાપણથી નિર્ણયલો લેવા.

(ઞ) બધા દેશો સાથે મૈત્રી.

ભારતની એક્તા અને અખંડિતતા જાળવવા બિનજોડાણની નીતિ ઉપયોગી બને છે. કારણ કે આ નીતિ કોઈ એક સર્વોચ્ચ સત્તાના જૂથ તરફ ઢળવાનો પ્રયત્ન, સંઘર્ષો સજીને દેશની એક્તા માટે મુશ્કેલી ઊભી કરે છે. બિનજોડાણવાદની વ્યુહરચના ભારતને તેના બે પાડોશી દેશો પાકિસ્તાન અને ચીન તરફથી ઊભા થતા ભય સામે મદદરૂપ બને

બિનજોડાણની નીતિ શાંતિની નીતિ હતી અને દેશના આર્થિક વિકાસ માટે શાંતિ આવશ્યક છે. બિનજોડાણવાદને કારણે ભારતને બંને સર્વોચ્ચ સત્તા તરફથી આર્થિક મદદ મળી શકે એમ હતી. તેથી જ ભારતે - બિનજોડાણવાદની નીતિ અપનાવી હતી.